Phone : 02742-260791
Fax No : 02742-252740

**ELECTION URGENT**

# OFFICE OF THE DISTRICT ELECTION OFFICER & COLLECTOR BANASKANTHA

Jorawar Palace, Palanpur - 385001 Dist. Banaskantha

નં.બી/તા.પં.જિ.પં./સા.ચૂં./૨૦૧૮/રજા જાહેરાત/વશી ૨૦૨૬ થી ૨૦૬૮ તા.૧૩/૦૨/૨૦૧૮

વંચાણમાં લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગે અખબારી યાદી ક્રમાંક : ચંટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૧૨૦૧૮/ક, તા.૩૧/૦૧/૨૦૧૮

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૧૧૦-૨૨૦૦૯-ક, તા.૦૪/૦૩/૨૦૦૯

(૩) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ફેઓલરી/૧૦૯૫/૮૫૧૧/ગ, તા.૨૯/૧૨/૧૯૯૫

હુકમ :-

રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા આમુખ-૧ની અખબારીયાદીથી અત્રેના બનાસકાંઠા જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તા.૨૧/૦૨/૨૦૧૮ બુધવારના રોજ યોજવા નક્કી કરવામાં આવેલ છે. જે સંદર્ભે આમુખ-૨ વાળા પરિપત્રમાં જણાવ્યા મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મહત્તમ રવિવારનાં દિવસે જ યોજવામાં આવતી હોય છે. પરંતુ શહેરો / નાના / મોટા ગામોમાં કેટલીક ગ્રામીણ બેંકો રાષ્ટ્રીય અને ખાનગી બેંકો અને રાજ્ય અને કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ તેમજ દુકાન વાણિજ્ય સંસ્થાઓ / હોટલો / ઔદ્યોગિક એકમો / કારખાનાઓ ફેક્ટરીઓ / રેલ્વે / ટેલીફોન / તારપોસ્ટ / સરકારી હોસ્પિટલો / પોલીસ સ્ટેશનો / ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય કેટલીક કચેરીઓ / સંસ્થાઓ રવિવારે પણ તેઓનો કારોબાર ચાલુ રાખે છે. આ સંજોગોમાં આવી કચેરીઓ / સંસ્થાઓના કર્મચારીઓ / કામદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે મતદાનના દિવસે ચૂંટણી હેઠળનાં સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી / કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડીક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં / બદલીમાં મતદાનનાં દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે તેવી સુચનાઓ છે. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીમાં મતદારો સરળતાથી મતદાન કરી શકે અને મતાધિકારથી વંચિત ન રહે તે માટે સ્થાનિક કક્ષાએ રજા જાહેર કરવાની સુચના આપેલ છે. આમુખ-૩ થી અમોને મળેલ સત્તાની રૂએ મતદાનના દિવસે મતદારો તેમના મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરી શકે જેથી મતદારની સરળતા ખાતર જાહેર રજા જાહેર કરવાની રહે છે. જે અન્વયે જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી વિસ્તાર પુરતી મતદાનના દિવસે તા.૨૧/૦૨/૨૦૧૮ બુધવારના રોજ સ્થાનિક રજા જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(દિલીપ રાણા)
જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેક્ટર બનાસકાંઠા

ક્રમાંક : માધ્યિ.૩/ન.પા.મા.મૂ./૨૦૧૮/૨૮૨૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૫-૦૨-૨૦૧૮

નકલ રવાના જાણ તથા અમલ સારુ.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી / ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ
મા. અને ઉ.મા.શાળાઓ તમામ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

Scanned by CamScanner